GJMR040029852024

દાખલ તારીખ	૧૫/૧૦/૨૦૨૪		
રજી. તારીખ	૧૫/૧૦/૨૦૨૪		
ફેસલ તારીખ	૨૯/૦૫/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૭	૧૪

<u>વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વાંકાનેર, જી. મોરબી.</u>

<u>ફો.કેસ.નં. ૨૩૯૯/૨૦૨૪</u>
<u>આંક–</u>

ફરીયાદી:– **રમીઝભાઇ ઇસ્માઇલભાઇ આંબલીયા**
ઉવ:પુખ્ત,ધર્મ:મુસ્લીમ,ધંધો:ડ્રાઇવીંગ,
રહે:આરોગ્યનગર પતાળીયા રોડ,
તા:વાંકાનેર,જી:મોરબી.

વિ રૂ ધ્ધ

આરોપી:– **હમીદભાઇ ઇબ્રાહીમભાઇ પતાણી**
ઉવ: પુખ્ત, ધંધો:ડ્રાઇવીંગ,
રહે:ફાતીમા મંઝીલ,જમુના એપાર્ટમેન્ટ,
મસ્જીદ પાસે, રહે.જેતપુર,જિ.રાજકોટ.

<u>ગુનો :–ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ</u>

....

ફરીયાદપક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી જે.આઇ.દલપુત્રા

આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી એમ.આર.સોલંકી

....

<u>–:: જજમેન્ટ ::–</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી તથા આરોપી સાથે ઘણા સમસયથી ખુબજ સારા સંબંધો હોય તેમજ આરોપીના પુત્ર ફરીયાદીના મિત્ર હોય અને આરોપી સાથે પણ ઘણા સારા સંબંધો હોય આ કામના આરોપી ફરીયાદી પાસેથી આજથી આશરે થોડા દિવસો પહેલા હાથઉછીના રૂા.૩,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પુરા) લીધેલા.સદરહુ રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને રૂા. ૩,૫૦,૦૦૦/– નો ચેક તા.૨૭/૦૨/૨૦૨૪ નો રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખાનો ચેક નં. ૦૦૦૦૦૪ નો આરોપીએ ફરીયાદીને આપેલ.ફરીયાદીએ આરોપીની સુચના મુજબ રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખામાં જમા કરાવતા એકાઉન્ટ કલોઝના શેરા સાથે તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ પરત થયેલ.જેનો ચેક રીર્ટન મેમો તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખાનો પરત થયેલ.ફરીયાદીએ વકીલશ્રી મારફત આ કામના આરોપીને તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ છે અને નોટીસ આરોપીએ તા.૨૦/૦૫/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતા ચેક મુજબની લેણી રકમ વસુલ આપેલ ન હોય જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ (જેને હવે પછી ઠરાવમાં એન.આઈ.એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે)ની કલમ– ૧૩૮ મુજબ ના ગુનાની નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીનુ વેરીફેકેશન ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો હોય મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડ (જેને હવે પછી ઠરાવમાં સંહિતા તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૨૦૪ મુજબ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) આરોપીને પ્રોસેસ બજી જતાં તેઓ તેમના વિ.વકીલશ્રી સાથે હાજર થયેલા છે અને આરોપીઓ ને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો આરોપીને આપ્યા બાદ આરોપીની સંહિતાની કલમ ૨૫૧ મુજબ આંક– ૧૦ થી પ્લી લેવામાં આવતા આરોપીએ એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો ઈન્કાર કરતાં કેસ આગળ ચલાવવામાં આવેલો અને સદર કામ ફરીયાદપક્ષના પુરાવાના માટે રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u>

અનુ. નંબર	વિગત	આંક
૧	ફરીયાદી રમીઝભાઇ ઇસ્માઇલભાઇ આંબલીયા ની જુબાની	૦૪

દસ્તાવેજી પુરાવો

અનુ. નંબર	વિગત	આંક
૧	અસલ ચેક	૧૪
૨	રીટર્ન મેમો	૧૫
૩	લીગલ નોટીસ	૧૬
૪	રજી.એડી. ની પહોંચ	૧૭
૫	રજી.એડી. બજી ગયાની સ્લીપ	૧૮
૬	વાંકાનેર કોર્ટ નો ફોજ. કેસ નં.–૩૭૦/૨૫ ફરીયાદીની સર્ટીફાઇડ નકલ	૨૭
૭	વાંકાનેર ફોજ.કેસ નં.–૩૭૦/૨૫ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા	૨૮
૮	વાંકાનેર ફોજ.કેસ નં.–૨૩૨/૨૫ આરોપીના દિકરા પર થયેલ ફરીયાદ ની નકલ	૨૯
૯	વાંકાનેર ફોજ.કેસ નં.–૨૩૨/૨૫ પતાણી સાહીદભાઇ ના કેસમાં વિરુદ્ધમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ	૩૦

(૪) ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ પડેલ પુરાવા બાદ આરોપી હાજર રહેલ ન હોય સંહિતાની કલમ ૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે.જેમાં ફરીયાદી ના પુરાવાનો ઈનકાર કરેલ છે અને બચાવમાં પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનુ તથા ખોટો કેશ કરેલ હોવાનુ તથા નિદોર્ષ હોવાનુ જણાવેલ છે.

(૫) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રીએ આંક:૩૮ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.ફરીયાદી તર્ફે નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(૧)તેધીસીંગ વી.નારાયણદાસ મહંત

(૨)જી.વીરેશામ વી.એસ.સીવા શીવા શંકર

(૬) આરોપી તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,ફરીયાદીએ આરોપીને રૂા.૩,૫૦,૦૦૦ /– હાથ ઉછીના આપેલ હોય તેના ચેક રીટર્નની ફરીયાદ કરેલ છે.ફરીયાદીની ઉલટ તપાસમાં બે વર્ષથી ઓળખુ છુ તેવુ જણાવે છે.આરોપી પાસે નાણાં ધીરધારનુ લાયસન્સ નથી.આરોપી કપડાનો ધંધો કરતા હોય તેવો પુરાવો રજુ કરેલ નથી.તેમજ ફરીયાદીને આરોપીના ઘરે આવવા જવાનો સબંધ નથી તેવુ જણાવેલ છે.તેમજ પૈસાની માંગણી દોઢેક વર્ષ પહેલા કરેલાનુ જણાવેલ છે.જે રકમ શેઠ પાસેથી ઉછીના લઈને આપેલાનુ જણાવે છે.જે માની શકાય નહી.ફરીયાદી પાસે પૈસા ન હોય તે બીજા પાસેથી ઉછીના લઈને આપે તે વાત માની શકાય નહી.વધુમાં,રીટર્ન મેમા મા બેંક કર્મચારીની સહી નથી.આરોપીને રોકડા પૈસા આપેલાનુ જણાવે છે.જયારે ફરીયાદીની આવક રૂા.૧૫,૦૦૦/– હોવાનુ જણાવેલ છે.તેમજ આરોપીના પુત્ર સામે પણ ચેક રીટર્નની ફરીયાદ કરેલ છે.જે બંને કેશની રકમ થઈ છ લાખ હાથ ઉછીના આપેલ હોય તે માની શકાય નહી.જેથી ફરીયાદી આર્થીક રીકે સધ્ધર હોય તેવો પુરાવો રજુ કરેલ નથી.જેથી ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ હોય નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: <u>મુદ્દા</u> ::

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આંક–૧૪ વાળો અસલ ચેક, આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે ?

(૨) શું ફરીયાદી નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપીએ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૯)ઉપરોકત મુદ્રાઓના નિર્ણયો નીચે મુજબ છે.

:: નિર્ણયો ::

૧. નકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ આપવામાં આવેલ છે.

// કારણો //

મુદ્દા નં.૧ તથા ૨ ના જવાબના કારણો :–

એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે એન.આઈ.એકટની કલમ ૧૧૮ મુજબ નો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ વંચાણે લેતા તેમા પણ જયા સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: માટે મેળવ્યો હતો આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીયમપત્ર ઉપર સહી કરી આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીયમચપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ ૧૧૮, ૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપર ના કેશમાં,ફરીયાદી વિનિમયપત્રનો ધારણકર્તા હોવાનુ

માનવાને સબળ કારણ રહે છે.એ સાચુ છે કે,કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને આવી ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષે રહેલ છે. **ક્રિષ્ણા જનાર્દન ભટ વિ.દત્તાત્રય જી. હેગડે ૨૦૦૮(૪)એસસીસી ૫૪ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,** section 138 of the Negotiable Instruments Act as three ingredients viz. (i) that there is a legally enforceable debt; (ii) that the cheque was drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt; and (iii) that the cheque so issued had been returned due to insufficiency of funds.

(૧૧) આ કામના ફરીયાદી રમીઝભાઈ ઈસ્માઈલભાઈ આંબલીયાનો આંક:૪ થી રજુ કરેલ મૌખીક પુરાવો વંચાણે લેતા આ કામના ફરીયાદી તથા આરોપી સાથે ઘણા સમસયથી ખુબજ સારા સંબંધો હોય તેમજ આરોપીના પુત્ર ફરીયાદીના મિત્ર હોય અને આરોપી સાથે પણ ઘણા સારા સંબંધો હોય આ કામના આરોપી ફરીયાદી પાસેથી આજથી આશરે થોડા દિવસો પહેલા હાથઉછીના રૂા.૩,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પુરા) લીધેલા.સદરહુ રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને રૂા. ૩,૫૦,૦૦૦/– નો ચેક તા.૨૭/૦૨/૨૦૨૪ નો રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખાનો ચેક નં. ૦૦૦૦૦૪ નો આરોપીએ ફરીયાદીને આપેલ.ફરીયાદીએ આરોપીની સુચના મુજબ રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખામાં જમા કરાવતા એકાઉન્ટ કલોઝના શેરા સાથે તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ પરત થયેલ.જેનો ચેક રીર્ટન મેમો તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ રાજકોટ નાગરિક સહકારી બેંક લી. જેતપુર શાખાનો પરત થયેલ.ફરીયાદીએ વકીલશ્રી મારફત આ કામના આરોપીને તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ છે અને નોટીસ આરોપીએ તા.૨૦/૦૫/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતા ચેક મુજબની લેણી રકમ વસુલ આપેલ ન હોય જેથી હાલની ફરીયાદ કરેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, હું ડ્રાઈવીંગ નો ધંધો કરૂ છું.ડ્રાઈવીંગ લાયસન્સ મારી પાસે હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી.આ કામના આરોપી તથા તેનો પુત્ર કપડા નો ધંધો કરતા હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. આરોપી કપડાનો ધંધો કરતા હોય તેવુ ફરીયાદમાં જણાવેલ નથી. <u>આ કામના આરોપીને હું આજ થી બે વર્ષથી ઓળખું છું. હું જયાં બેસતો ત્યાં ઈરફાન ભાઈ સાથે આરોપી તથા તેનો</u>

<u>પુત્ર ધંધો કરતા અને જેથી ઓળખુ છું, મારે આરોપી સાથે ધરે આવવા જવાના સંબંધ નથી.</u> આ કામ ના આરોપી સાથે મારે ધંધાકીય સંબંધ નથી. આરોપી એ ઉછીના પૈસાની માંગણી આજ થી આશરે વર્ષ દોઢેક વર્ષ પહેલા ઈરફાનની દુકાને માંગણી કરેલી. આરોપી એ પૈસાની માંગણી કરેલી ત્યારે હું તથા આરોપી સીવાય બીજુ કોઈ હાજર ન હતું. આરોપી ને રકમ વર્ષ ૨૦૨૪ ના પહેલા મહીના માં આપેલી છે અને તે ઈરફાનભાઈ ની દુકાને આપેલી છે. ત્યા પૈસા આપ્યા ત્યારે કોઈ હાજર હતુ નહી. આરોપી અને તેનો પુત્ર ભાગીદારીમાં ધંધો કરે છે. આરોપીએ કેટલા સમય પહેલા પૈસાની માંગણી કરેલી તે ફરીયાદ માં કે સરતપાસ માં જણાવેલ નથી. આરોપીને કઈ તારીખે કોની હાજરીમાં કઈ જગ્યા એ પૈસા આપેલા તે ફરીયાદ કે સરતપાસ માં જણાવેલુ નથી. <u>મે મારા શેઠ પાસેથી પૈસા ઉછીના લઈને આરોપીને આપેલા.</u> કહેવાતા પૈસાની ઉઘરાણી માટે રૂબરૂ મળેલ હોય કે ફોન ઉપર ઉઘરાણી કરેલ હોય કે કોઈની હાજરીમાં ઉઘરાણી કરેલ હોય તેવુ સરતપાસ કે ફરીયાદ માં જણાવેલ નથી. આરોપીને જાણ કરીને ચેક જમા કરાવેલ હોય તેવુ ફરીયાદ કે સરતપાસ માં જણાવેલ નથી. સાહેદ ખુલાસો કરી જણાવેલ છે કે,આરોપી ફોન ઉપાડતો ન હતો. મને આંક–૧૪ બતાવામાં આવે છે જે ચેક છે જેમાં ઉપરનું લખાણ તથા નીચેના લખાણ ના અક્ષરો અલગ અલગ છે. મને આંક–૧૫ બતાવામાં આવે છે જે રીટર્ન મેમો છે. રીટર્ન મેમા માં બેંક કર્મચારીનો સહી કે સીકકો નથી. આંક–૧૪ વાળો ચેક એકાઉન્ટ કલોઝ ના શેરા સાથે ખાતુ બંધ થઈ ગયેલુ હોય તેનો રીટર્ન મેમો મને મળેલો છે. આંક–૧૬ વાળી નોટીસ બતાવામાં આવે છે તેમાં વકીલ ની સહી નથી. ફરીયાદ કરતા પહેલા મે આરોપી સાથે વ્યવહાર કરેલો. મે ફરીયાદ કઈ તારીખે કરેલ તે યાદ નથી. <u>આરોપીને મે રોકડા પૈસા આપેલા.</u> મારી પાસેથી આરોપી રકમ લઈ ગયેલ તેનુ મે લખાણ કરાવેલ નથી. <u>હું મહીના ના રૂા.૧૫,૦૦૦/– જેટલી રકમ કમાવું છું. મારૂ બચત ખાતુ બેંક ઓફ બરોડા માં છે અને તે મારૂ ખાતુ ચાલુ કંડીશન માં છે તેમાં હું નિયમીત પણે ટ્રાન્ઝેકશન કરૂ છું. હું ઈન્કમ ટેક્ષ ભરતો નથી.</u> મને આંક–૧૪ વાળો ચેક બતાવામાં આવે છે તેમાં તા.૨૭/૦૨/૨૦૨૪ લખેલ છે. જેમાં ચેકની તારીખમાં છેકછાક કરેલ છે. તેમાં આરોપીની સહી થયેલ નથી. આરોપી એ ફરીયાદ વાળો ચેક ઈરફાન ભાઈ કાઝી ની હાજરીમાં આપેલો. <u>મે ચેક રીર્ટન ના કુલ બે કેસ કરેલા છે. બીજો કેસ જે કરેલો છે તેમાં ચેકની રકમ રૂા.૨,૫૦,૦૦૦/– છે. બીજો કેસ આરોપીના પુત્ર સામે કરેલ છે.</u> પહેલો કેસ હાલના આરોપી ઉપર અને ત્યાર બાદ બીજો કેસ આરોપીના પુત્ર પર કેસ કરેલ છે. <u>બંને કેસની કુલ રકમ રૂા. ૬,૦૦,૦૦૦/– થાય. મે રૂા.૬,૦૦,૦૦૦/– આપ્યા તેનુ કોઈ લખાણ મારી પાસે નથી.</u> ચેક બેંક માં જમા કરાવેલ તે સ્લીપ રજુ કરેલ નથી.

(૧૨)આરોપી સામે આક્ષેપાયેલ એન.આઈ.એકટની કલમ ૧૩૮ ની જોગવાઈ જોવામાં આવે તો....

Section 138 in The Negotiable Instruments Act, 1881 Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for [19] [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [20] [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.— For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.]

ઉપરોકત જોગવાઈ મુજબ કોઈ વ્યકિતએ પોતાના ખાતાનો ચેક સમગ્ર અથવા અશંત: દેવા અથવા જવાબદારી અદા કરવા માટે પોતે નીભાવતો હોય તેવા ખાતાનો ચેક લખેલ હોય અને જે વણચુકવ્યો પરત ફરે તેમજ સદર ચેક ચેકની તારીખથી કાયદેસરની

મુદ્દતમાં રજુ કરેલ હોય અને ચેક પરત ફર્યાની ચેક લખનારને દિન–૩૦ માં નોટીસ આપેલ હોવા છતા નિયત સમયમાં રકમ ન ચુકવે તો એન.આઈ.એકટની કલમ: ૧૩૮ નો ગુનો બને છે.

ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૩ ની જોગવાઈ ધ્યાને લેતા સ્વીકારેલ હકીકતો પુરવાર કરવાની જરૂર નથી. બચાવ પક્ષે આંક:૧૧ થી રજુ કરેલ ચેક આરોપીના ખાતાનો ન હોય તેવી તકરાર લીધેલ નથી. તેમજ આંક:૧૪ થી રજુ થયેલ ચેકમાં પોતાની સહી ન હોવા બાબતે પણ તકરાર લીધેલ નથી. તેમજ ફરીયાદીએ નિયમ સમયમાં ચેકો જમા કરાવેલ નથી તે તેઓને નિયત સમયમાં નોટીસ આપેલ નથી તેવી પણ તકરાર લીધેલ નથી. જેથી માત્ર પક્ષકારો વચ્ચે ફરીયાદ વાળો ચેક આરોપીએ સમગ્ર અથવા અંશત: દેવા કે જવાબદારી પેટે આપેલ હતો કે કેમ ? તેનો નિર્ણય કરવાનો છે.

(૧૩)**નામદાર સુપ્રિમ કોર્ટે કે.પ્રકાશન વી.પી.કે.સુરેન્દરણ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,** The Act raises two presumptions; firstly, in regard to the passing of consideration as contained in Section 118 (a) therein and, secondly, a presumption that the holder of cheque receiving the same of the nature referred to in Section 139 discharged in whole or in part any debt or other liability. Presumptions both under Sections 118 (a) and 139 are rebuttable in nature. Having regard to the definition of terms proved and disprovedas contained in Section 3 of the Evidence Act as also the nature of the said burden upon the prosecution vis- vis an accused it is not necessary that the accused must step into the witness box to discharge the burden of proof in terms of the aforementioned provision.(Para 12)

(૧૪)**નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા વિ.શ્રી મોહનના ચુકાદામાં ઠરાવેલ છે કે,**Section 139 is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies the strong criminal remedy in relation to the dishonour of the cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. The Court however, further observed that it must be remembered that the offence made punishable by Section

138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose money is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant accused cannot be expected to discharge an unduly high standard of proof". The Court further observed that it is a settled position that when an accused has to rebut the presumption under Section 139 the standard of proof for doing so is all preponderance of probabilities.

ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા બસલીંગપ્પા વી.મુદીબસપ્પા ૨૦૧૯(૫)એસસીસી ૪૧૮ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "23. We having noticed the ratio laid down by this Court in the above cases on Section 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:

23.1. Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

23.2. The presumption Under Section 139 is a rebuttable presumption and the onus is on the Accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

23.3. To rebut the presumption, it is open for the Accused to rely on evidence led by him or the Accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

23.4. That it is not necessary for the Accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

23.5. It is not necessary for the Accused to come in the witness box to support his defence."

ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન

(૧૫)ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવાનુ ઝિણવટભરી રીતે મુલ્યાંકન કરતા આ કામના આરોપી ફરીયાદીના સબંધી હોય અને ફરીયાદીને આરોપી સાથે ધણા સમયથી ખુબજ સારા સબંધ હોય અને આરોપીના પુત્ર ફરીયાદીના મિત્ર થતા હોય આરોપીએ થોડા દિવસો પહેલા હાથ ઉછીના રૂ.૩,૫૦,૦૦૦/– લીધેલા.જે રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદ વાળો તા.૨૭/૦૨/૨૪ ના રોજનો રાજકોટ નાગરીક સહકારી બેંકનો ચેક આપેલ.જે ચેક જમા કરાવતા એકાઉન્ટ કલોઝ ના શેરા સાથે પરત ફરતા આરોપીને નોટિસ આપવા છતા રકમ નહી ચુકવી આપતા હાલની ફરીયાદ કરેલ છે.જેથી ફરીયાદીના પુરાવામાં આ કામના આરોપીએ ફરીયાદ વાળો ચેક ઉછીની રકમ આપેલ તે લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવાનુ જણાવેલ હોય ફરીયાદ વાળો ચેક આ કામના આરોપીએ કાયદેસરના દેવાની સંપુર્ણ અથવા અશંત: ચુકવણી માટે આપેલ હતો તેવુ ફરીયાદીની તરફેણમાં એન.આઈ.એકટ ની કલમ ૧૧૮ તથા ૧૩૯ નુ અનુમાન કરવામાં આવે છે.

તેમજ પ્રસ્થાપિત સીધ્ધાંત મુજબ આરોપી તર્ફે ફરીયાદી પક્ષ તર્ફેના એન.આઈ.એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે જાતે જુબાની આપવી જરૂરી નથી પરંતુ માત્ર પોતાનો પ્રોબેબલ ડીફેન્સ રજુ કરવાનો છે.

ફરીયાદીનો પુરાવો જોતા આ કામના આરોપીને થોડા દિવસ પહેલા હાથ ઉછીના રૂા.૩,૫૦,૦૦૦/– રોકડા આપેલાનુ જણાવેલ છે.ફરીયાદીની ફરીયાદ નોટિસ કે મૌખીક પુરાવામાં આરોપીને કઈ તારીખે કેવી રીતે,કઈ જગ્યાએ આપેલ તે જણાવેલ નથી.જેથી આરોપી તર્ફે ફરીયાદીના પુરાવાનુ ખંડન કરવા કરવામાં આવેલ ઉલટ તપાસનો પુરાવો જોતા આ કામના આરોપીને હું આજ થી બે વર્ષથી ઓળખું છું તેવુ જણાવેલ છે.જયારે ફરીયાદ તથા પુરાવામાં આરોપી સબંધી હોવાનુ તથા ધણા સમયથી સારા સબંધો હોવાનુ જણાવેલ છે.તેમજ મારે આરોપી સાથે ધરે આવવા જવાના સંબંધ નથી તેવુ જણાવેલ છે.જેથી આરોપી સાથે બે વર્ષની ઓળખાણ થયેલ છે અને આરોપી સાથે ધરે આવવા જવાનો સબંધ નથી.તેમજ આરોપીને કયા કારણોસર રકમ જોઈતી હતી તે કોઈ હકીકત ફરીયાદીના પુરાવામાં જણાવેલ નથી.<u>વધુમાં,આ કામના ફરીયાદીએ આરોપીને આપેલ રોકડ રકમ રૂા.૩,૫૦,૦૦૦/– મે મારા શેઠ પાસેથી પૈસા ઉછીના લઈને આરોપીને આપેલા તેવુ</u>

જણાવેલ છે.જેથી આરોપીને આપેલ રકમ ફરીયાદી પાસે હતી અને આરોપીને આપેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં,આ કામના ફરીયાદીની આવક જોતા ફરીયાદીની ઉલટ તપાસમાં હું મહીના ના રૂા.૧૫,૦૦૦/– જેટલી રકમ કમાવું છું તેવુ જણાવેલ છે.જેથી આરોપીની આવક જોતા તેને રૂા.૩,૫૦,૦૦૦/– રોકડ રકમનો વ્યવહાર કરેલ હોય તે શંકાઉપજાવે છે.વધુમાં,ફરીયાદીનુ બચત ખાતુ બેંક ઓફ બરોડા માં આવેલ છે અને જે ચાલુ કંડીશન માં હોવાનુ જણાવેલ છે તેમાં પોતે નિયમીત પણે ટ્રાન્ઝેકશન કરતા હોવાનુ જણાવેલ છે પરંતુ બેંકમાં બચત કરેલ રકમ ઉપાડી આરોપીને આપેલ હોય તેવુ બનેલ નથી કે તેવો ફરીયાદીનો પુરાવો નથી.વધુમાં,આ કામના ફરીયાદીએ કુલ–ર કેશ કરેલ છે.જેમાં એક કેસ આરોપીના પુત્ર સામે કરેલ છે.તેમજ આરોપીના પુત્ર સામે કરેલ ચેક રીટર્નની ફરીયાદમાં રકમ રૂા.૨,૫૦,૦૦૦/– ની છે પહેલો કેસ હાલના આરોપી ઉપર અને ત્યાર બાદ બીજો કેસ આરોપીના પુત્ર કરેલ છે.જે બંને કેસની કુલ રકમ રૂા. ૬,૦૦,૦૦૦/– ની છે.જયારે હાલના ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આ કામના આરોપીને રૂા.૩,૫૦,૦૦૦/– આપેલ હોય અને તેના પુત્રને પણ રૂા.૨,૫૦,૦૦૦/– ઉછીના આપેલ હોય તેવી હકીકત જણાવેલ નથી.જેથી ફરીયાદીની આવક જોતા માત્ર રૂા.૧૫,૦૦૦/–ની છે.જેમાંથી ખર્ચ બાદ કરતા તેની બચત ની રકમનો અંદાજ જોતા પણ રૂા.૬,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપી શકે નહી.વધુમાં,આ કામના ફરીયાદીના પુરાવામાં ફરીયાદીને બીજી કોઇ આવક હોય અને તેને તેવી બચતની રકમ માંથી આરોપીને આપેલ હોય તેવો પુરાવો નથી.વધુમાં,ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા જોન કે. અબ્રાહમ વી.સીમોન સી.અબ્રાહમ ૨૦૧૩(૦) એસસી ૫૪૭૯૧ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It has to be stated that in order to draw the presumption under Section 118 read along with 139 of the Negotiable Instruments Act, the burden was heavily upon the complainant to have shown that he had required funds for having advanced the money to the accused; that the issuance of the cheque in support of the said payment advanced was true and that the accused was bound to make the payment as had been agreed while issuing the cheque in favour of the complainant.

જેથી ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટ ના ચુકાદા તથા હાલના કેશની હકીકતો જોતા આ કામના ફરીયાદીની માસીક આવક માત્ર ૧૫,૦૦૦/– છે.જયારે ફરીયાદીની આર્થીક સધ્ધરતા બાબતે ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર લાવેલ હકીકતોથી આ કામના ફરીયાદી આરોપીને

રૂા.૩,૫૦,૦૦૦/– હાથ ઉછીની રકમ આપી શકે તેવા સધ્ધર નથી.જેથી ફરીયાદીના પુરાવા મુજબ આરોપીને ચેક મુજબની રકમ રૂા.૩,૫૦,૦૦૦/– હાથ ઉછની આપેલ હોય તેવુ શંકા ઉપજાવે છે.આરોપી તર્ફે ફરીયાદ પક્ષના પુરાવાનુ ખંડન કરવા માટે માત્ર સંભવીતતા રેકર્ડ ઉપર લાવવાની છે.હાલના કેશમાં બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસથી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ છે.ચેક મુજબની રકમ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ હોવાનુ બચાવ પક્ષે ખંડન કરેલ હોવાનુ રજુ થયેલ પુરાવા આધારે મારુ માનવુ છે. વધુમાં,ફરીયાદી તર્ફે આંક:૨૭ થી આરોપી સામે અન્ય ચેક રીટર્નની ફરીયાદ થયેલ તેની ખરી નકલ રજુ કરેલ છે.તેમજ આંક:૨૫ થી આરોપીના પુત્ર સામે અન્ય ઇસમે ચેક રીટર્નની ફરીયાદ કરેલ તેની ખરી નકલ રજુ કરેલ છે.જે ફરીયાદ થી હાલના આરોપી પાસે ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ હોવાનુ પુરવાર થતુ નથી.

ના.ગુજરાત હાઇકોર્ટના ચુકાદા નરેશકુમાર લાધાજી જાટ વી.સ્ટેટ ઓફ ગુજરાત ,૨૦૨૩(૦)એઆઇજેઇએલ–એચસી ૨૪૭૪૦૯ ના ચુકાદામાં અન્ય ચુકાદાઓનો ઉલ્લેખ કરી ઠરાવેલ છે કે,15. This Court has also considered the law laid down by Hon’ble Apex Court in the case of **M.S.Narayana Menon Alias Mani V/s. State of Kerala and Another reported in** (2006) 6 **SCC** 39.

41. In **Hiten P. Dalal v. Bratindranath Banerjee [(2001) 6 SCC 16]** , a 3- Judge Bench of this Court held that although by reason of Sections 138 and 139 of the Act, the presumption of law as distinguished from presumption of fact is drawn, the court has no other option but to draw the same in every case where the factual basis of raising the presumption is established. Pal, J. speaking for a 3-Judge Bench, however, opined: Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter, all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact. In other words, provided the facts required to form the basis of a presumption of law exist, no discretion is left with the court

but to draw the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proved when, "after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the "prudent man"."

48. In **Kali Ram v. State of Himachal Pradesh** [(1973) 2 **SCC** 808] , Khanna, J., speaking for the 3- Judge Bench, held: One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the Court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may

reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."

જેથી ઉપરોકત પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદી તર્ફે શંકાથી પર હકીકતો પુરવાર કરવાની હોય છે.જયારે આરોપી તર્ફે ફરીયાદીના પુરાવાનુ માત્ર શંકા ઉપસ્થીત કરતો પુરાવો રેકર્ડ લાવવો જરૂરી છે.આ કામના આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસના પુરાવાથી ફરીયાદીનુ આરોપી પાસે કાયદેસરનુ લેણુ છે તેવી હકીકતનુ ખંડન કરેલ છે. જેથી આરોપી તર્ફેની ઉલટ તપાસથી બચાવ પક્ષે એન.આઈ.એકટની કલમ ૧૧૮(એ) તથા ૧૩૯ મુજબનુ ફરીયાદ પક્ષની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન કરેલ હોય નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા નારાયણા મેણન અલીઆસ મની વી.સ્ટેટ ઓફ કેરાલા અને બીજા ૨૦૦૬(૬)૬ એસસીસી ૩૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, it was held that once the accused is found to discharge his initial burden, it shifts to the complainant.

આ કામના ફરીયાદી તર્ફે રજુ કરેલ ચુકાદાઓનુ હુ માનસહ આદર કરુ છુ પરંતુ હાલના કેશની હકીકતો ધ્યાને લેતા લાગુ કરી શકાય તેમ નથી.આરોપી પક્ષે ફરીયાદ પક્ષની તરફેણમાં રહેલ અનુમાનનુ ખંડન કરવામાં સફળ રહેલ હોય ફરીયાદી ઉપર પુરાવાનો બોજો રહેલ છે કે,ફરીયાદ વાળા ચેક આરોપીએ કાયદેસરના દેવા તથા જવાબદારી પેટે આપેલ હતો જે હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય જેથી ફરીયાદી પક્ષેની દલીલોનો અસ્વીકાર કરુ છુ અને બચાવ પક્ષની દલીલોનો સ્વીકાર કરી મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.ર નો જવાબ '' ન કા ર માં '' આપી આપી મુદ્દા નં.૩ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

: : હુકમ : :

(૧) આરોપી **હમીદભાઈ ઈબ્રાહીમભાઈ પતાણી,** ઉ.વ:પુખ્ત,ઉવ: પુખ્ત, ધંધો:ડ્રાઈવીંગ, રહે:ફાતીમા મંઝીલ,જમુના એપાર્ટમેન્ટ, મસ્જીદ પાસે, રહે.જેતપુર,જિ.રાજકોટ નાઓને સંહિતા ની કલમ ૨૭૮(૧) અન્વયે એન.આઈ.એકટ ની કલમ: ૧૩૮ મુજબ ના ગુનામાં પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા RBANMS Educational Institution v.B.Gunashekar & Ors.(civil Appeal No.5200/25) ના ચુકાદામાં આપેલ નિર્દેષ મુજબ ફરીયાદીએ રૂપિયા બે લાખથી વધારે રકમનો રોકડ વ્યવહાર કરેલ હોય ઈન્કમટેક્ષ વિભાગને જાણ સારૂ યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ **તારીખ:** ૨૯, **માહે :** મે, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/ ૦૫ / ૨૦૨૬
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪